GJGS040026932014

કેસ પ્રાપ્તી તારીખ : ૦૯/૧૨/૨૦૧૪
કેસ દાખ તારીખ : ૦૯/૧૨/૨૦૧૪
કેસ નિર્ણીત તારીખ : ૧૮/૦૭/૨૦૨૬
અવધી :- ૧૧-વર્ષ, ૦૭- માસ, ૦૯-દિવસ

---

**મ્હે.ઉનાના એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (શ્રી જે.કે.ખાંટ) સાહેબની કોર્ટ સમક્ષ, મુ.ઉના.**

---

**ફોજદારી કેસ નં.૨૨૯૦/૨૦૧૪**

**આંક :- ૨૧**

---

## FORM-A

| **મ્હે.ઉનાના એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (શ્રી જે.કે.ખાંટ) સાહેબની કોર્ટ સમક્ષ, મુ.ઉના.** | |
|---|---|
| **જજમેન્ટ તારીખ** | ૧૮/૦૭/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | ૨૨૯૦/૨૦૧૪ |
| **ગુનાની કલમ** | ઈ.પી.કો. કલમ-૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ |
| **ગુના રજી.નં.** | ઉના પોલીસ સ્ટેશન ગુ.ર.નં. સેકન્ડ ૩૨૩૪/૨૦૧૪ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદ પક્ષે** | વિ.એ.પી.પી.શ્રી કે.ડી.વસાવા |
| **આરોપીઓ** | (૧) લાખાભાઇ ડાયાભાઇ બાંભણીયા, **(એબેટ)**<br>(૨) સંજયભાઇ મસરીભાઇ બાંભણીયા,<br>બંને રહે.ખાણ, તા.ઉના, જી.ગીર સોમનાથ |
| **બચાવપક્ષે** | વિ.વ.શ્રી એચ.બી.જમાણી |

## FORM-B

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | તા.૧૨/૧૦/૨૦૧૪ થી પંદરેક દિવસ પહેલા |

| | |
|---|---|
| **એફ.આઇ.આર. ની તારીખ** | ૧૨/૧૦/૨૦૧૪ |
| **પ્લી/તહોમતનામુ ઘડયાની તારીખ** | ૧૮/૦૯/૨૦૨૪ |
| **પુરાવાની શરૂઆતની તારીખ** | ૦૭/૦૪/૨૦૨૬ |
| **ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ** | ૧૬/૦૭/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૧૮/૦૭/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જો હોય તો.** | – |

## – આરોપીની વિગત –

| આરોપી નો અનુ.નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | અધિનીયમ અને કલમ | શું નિર્દોષ છોડયા/સજા કરી | કરવામાં આવેલ સજા | BNSS કલમ-૪૬૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | લાખાભાઇ ડાયાભાઇ બાંભણીયા | ૧૭/૧૦/૨૦૧૪ ના રોજ નોટીસ આપેલ છે. | – | ઇ.પી.કો. કલમ ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ | એબેટ | – | – |
| ૨. | સંજયભાઇ મસરીભાઇ બાંભણીયા | | – | | નિર્દોષ | – | – |

## FORM–C

## –ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી–

| **અનુ.નં.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| PW–1 | મનુભાઇ બાબુભાઇ રાઠોડ | પંચ સાહેદ |
| PW–2 | જીણાભાઇ ભાણાભાઇ વાઘેલા | સાહેદ |
| PW–3 | રણવીરભાઇ સાજણભાઇ ચુડાસમા | તપાસ અધિકારી |
| PW–4 | વિજયભાઇ બાબુભાઇ બાંભણીયા | સાહેદ |
| PW–5 | પાંચુબેન પુનાભાઇ રાઠોડ | સાહેદ |
| PW–6 | રમેશભાઇ ભાણાભાઇ વાઘેલા | ફરીયાદી |

**–ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના આંકની સુચી–**

| અનુ.નં. | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧. | ૧૦ | પંચ સાહેદ મનુભાઇ બાબુભાઇ રાઠોડની જુબાની |
| ૨. | ૧૧ | આરોપીઓનું શરીર સ્થીતીનું પંચનામુ |
| ૩. | ૧૨ | સાહેદ જીણાભાઇ ભાણાભાઇ વાઘેલાની જુબાની |
| ૪. | ૧૩ | ત.ક.અ. રણવીરભાઇ સાજણભાઇ ચુડાસમાની જુબાની |
| ૫. | ૧૪ | ફરીયાદની ખરીનકલ |
| ૬. | ૧૫ | એફ.આઇ.આર. |
| ૭. | ૧૬ | સાહેદ વિજયભાઇ બાબુભાઇ બાંભણીયાની જુબાની |
| ૮. | ૧૭ | સાહેદ પાંચુબેન પુનાભાઇ રાઠોડની જુબાની |
| ૯. | ૧૯ | ફરીયાદી રમેશભાઇ ભાણાભાઇ વાઘેલાની જુબાની |

**– :: ચુ કા દો ::–**

**(૧.૦)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૨/૧૦/૨૦૧૪ ના પંદર દિવસ પહેલા રાત્રીના ૦૮:૦૦ વાગ્યે ખાણ ગામે આ કામના ફરીયાદીના ભાણેજ પાંચીબેન ગામમાં દરણુ દળાવીને પરત આવતા હોય ત્યારે આરોપીઓએ ભુંડી ગાળો આપી તથા ફરીયાદીના ભાઇ જીણાભાઇ ભાણાભાઇને પણ અવાર નવાર ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ગુન્હો કરતા, તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપી વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**(૨.૦)** ત્યારબાદ આ કામે આરોપીઓને આ અદાલત ધ્વારા પ્રોસેસ ઇસ્યુ કરતા, આરોપી નં.૧ ના મરણના શેરા સાથે પ્રોસેસ પરત ફરેલ અને આરોપી નં.૧ નો મરણનો દાખલો રજુ થયેલ છે. જેથી આરોપી નં.૧ લાખાભાઇ ડાયાભાઇ બાંભણીયા સામેનો હાલનો

કેસ એબેટ કરવામાં આવેલ છે. તેમજ આરોપી નં.૨ ને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવી આંક–૦૬ થી આરોપી નં.૨ ની ગુના અંગેની પ્લી નોંધવામાં આવતા, આરોપી નં.૨ નાએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩.૦) ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા પુછવામાં આવેલ તમામ હકિકત નકારી વિશેષમાં જણાવેલ છે કે, તેઓને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. તેઓ નિર્દોષ હોય રહેમ રાખી છોડી મુકવા અરજ કરેલ છે.

(૪.૦) ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ની તથા બચાવપક્ષે વિ.વ.શ્રી એચ.બી.જમાણીની દલીલો સાંભળી.

(૫.૦) ઉપરોકત હકીકતે કેસનાં નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદાઓ ::–</u>**

(૧) શું ફરીયાદપક્ષ એમ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૨/૧૦/૨૦૧૪ ના પંદર દિવસ પહેલા રાત્રીના ૦૮:૦૦ વાગ્યે ખાણ ગામે આ કામના ફરીયાદીના ભાણેજ પાંચીબેન ગામમાં દરણુ દળાવીને પરત આવતા હોય ત્યારે આરોપીઓએ ભુંડી ગાળો આપી તથા ફરીયાદીના ભાઇ

જીણાભાઈ ભાણાભાઈને પણ અવાર નવાર ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી, ઈ.પી.કોડની કલમ-૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૬.૦)** ઉપરોકત મુદાનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**(૭.૦)** આ માટેના કારણો નીચે મુજબ છે.

**-:: કા ર ણો ::-**

**મુદા નં.૧:-**

**(૮.૦)** આરોપી સામેનો હાલનો ફોજદારી કેસ ફોજદારી ન્યાયદંડના મુળભુત સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ અને જયાં સુધી આરોપી સામેનો ગુનો સાબીત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતનું અનુમાન કરવાનું રહે છે. વધુમાં, ફરીયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ પુરવાર કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષે સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબીત કરવા જોઈએ.

**(૯.૦)** આ કામે આરોપી સામે ઈ.પી.કોડની કલમ-૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ અન્વયેનું તહોમત છે. ત્યારે આરોપીનું તહોમતનામુ નિ:શંકપણે પુરવાર કરવા માટે નીચે મુજબની જોગવાઈ લક્ષમાં રાખવાની રહે છે.

**ભારતીય ફોજદારી સંહિતા, ૧૮૬૦ ની**

**કલમ–૫૦૪ :– <u>સુલેહ ભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન :</u>**

ઉશ્કેરાઇ જઇને કોઇ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઇ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઇ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઇ ગુનો કરી બેસશે એવુ સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઇ વ્યકિત ઈરાદાપુર્વક બીજી કોઇ વ્યકિતનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષ સુધીની બે માંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**કલમ–૫૦૬(૨) :– <u>કલમ–૫૦૬ – ગુનાહિત ધમકીની સજા :</u>**

જો કોઇ વ્યકિત ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બે માંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે.

– જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વિગેરે કરવાની હોય – અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઇ મિલકતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને માત્ર ગુનો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારીત્રહિનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બે માંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**કલમ–૧૧૪ :– <u>ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરી :</u>**

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરીણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઇ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

(૧૦.૦) આ કામમાં રેકર્ડ ઉપર રજુ થયેલો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષોની દલીલોને ધ્યાને લેતા ફરીયાદપક્ષે આંક–૧૯ થી ફરિયાદી રમેશભાઇ ભાણાભાઇ વાઘેલાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આરોપીઓને તેઓ ઓળખે છે. બનાવ દસેક વર્ષ અગાઉ બનેલો. પાંચીબેન તેમના ભાણેજ થાય છે તેની સાથે આરોપીઓને ડખો થયેલો. જેથી તેઓ સાથે તેમને ઝઘડો થયેલો. જે અંગેની ફરીયાદ તેમણે લખાવેલી. જે આંક–૧૪ થી રજુ છે. જેમાં તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. આ સીવાય તેઓને બીજુ કાઇ કહેવુ નથી. સદર ફરીયાદીને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેઓએ પોતાની ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે ફરિયાદીએ આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે છેલ્રા છ સાત મહીનાથી જેલમાં છે. બનાવ સમયે તે ઘરે હતા. તેમણે બનાવ નજરે જોયેલ નથી. બનાવ અંગે તેમને કોઇ જાત માહિતી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સાંજે ડખો થયેલો.

(૧૧.૦) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૭ થી સાહેદ પાંચુબેન પુનાભાઇ રાઠોડને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ દસેક વર્ષ અગાઉ બનેલો ત્યારે બનાવના દિવસે રાત્રે આઠ વાગ્યે તે દરણુ લેવા દુકાન પાસે ગયેલ ત્યારે સંજય મસરી અને લાખાભાઇએ તેણીને ઉભી રાખેલ અને કહેલ કે અમારે ખરાબ કામ કરવુ છે. જેથી તેણીએ રાડારાડ કરતા તેના ઘરના માણસો આવી ગયોલા, તેઓ તેણીને ઘરે લઇ ગયેલા. આરોપીઓ જણાવતા હતા કે આ બાબતે કાંઇ કેસ કબાડા કરશો તો તેણીના ઘરનાને જીવતા રહેવા દેશે નહી. જેથી તેણી તથા તેણીના માતા–પિતા અને તેણીના મામા રમેશભાઇ ભાણાભાઇ

ફરીયાદ કરવા ગયેલા. પોલીસે બનાવ બાબતે તેણીનો જવાબ લીધેલો.

સદર સાહેદની આરોપી પક્ષે ઉલટતપાસ કરતા એ હકીકત સ્વીકારેલ છે કે, તે ગરાળ મુકમે રહે છે અને મજુરી કામ કરે છે. આરોપીઓએ તેણીને ઉભી રાખેલ અને કહેલ કે અમારે ખરાબ કામ કરવુ છે જેથી તેણી રાડારાડ કરતા તેણીના ઘરના માણસો આવી ગયેલા અને તેણીને ઘરે લઇ ગયેલા તેવુ તેણીએ પોતાના પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ નથી. આરોપીઓ જણાવતા હતા કે આ બાબતે કાંઇ કેસ કબાડા કરશો તો તારા ઘરનાને જીવતા રહેવા દઇશુ નહી તેવી હકીકત તેણીએ તેમના પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલી નથી. તે તેણીની રોજબરોજની પ્રવૃતિ કરે છે અને તેણી તેમના કુટુંબમાં સમાજમાં આવ જા કરે છે અને તેણી દરરોજની મજુરી કામે જાય છે. બનાવ બાદ પોલીસે તેણીનું નિવેદન કયારે લીધેલ તેની ખબર નથી. જયારે અન્ય પ્રશ્નોના નકારમાં જવાબ આપેલ છે.

**(૧૨.૦)** આ કામે ફરીયાદપક્ષે આંક-૧૬ થી સાહેદ વિજયભાઇ બાબુભાઇ બાંભણીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ આરોપીઓ તથા ફરીયાદીને તેમના ગામના હોય ઓળખે છે. રમેશભાઇ ભાણાભાઇ વાઘેલાને આરોપીઓએ કોઇ ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવા કોઇ બનાવ બાબતે પોલીસે તેમની પુછપરછ કરી તેમનું નિવેદન લીધેલ હોય તેવુ કાઇ બનેલ નથી. સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે સાહેદે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને બનાવ બાબતે કોઇ જાત માહિતી નથી.

**(૧૩.૦)** આ કામે ફરીયાદપક્ષે આંક–૧૨ થી સાહેદ જીણાભાઇ ભાણાભાઇ વાઘેલાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ આરોપીઓને તેમના ગામના હોય તેથી ઓળખે છે. બનાવ બાબતે તેઓ કાઇ જાણતા નથી. તેમના ગામના સંજય મસરી બાંભણીયા તથા લાખાભાઇ ડાયાભાઇ બાંભણીયા અને રવી ભીખા નાઓએ તેમના ગામમાં પાંચીબેન તથા તેના ભાઇ રમેશની સાથે કોઇ ઝઘડો કરેલ હોય કે તેવા કોઇ બનાવ બાબતે પોલીસ તેમનું નિવેદન લીધેલ હોય તેવુ બનેલ નથી. સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે સાહેદે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ અંગે તેમને કોઇ જાત માહિતી નથી.

**(૧૪.૦)** આ કામે ફરીયાદપક્ષે આંક–૧૦ થી પંચ સાહેદ મનુભાઇ બાબુભાઇ રાઠોડને તપાસવામાં આવેલા છે. સદર પંચ સાહેદ આંક–૧૧ થી રજુ થયેલ આરોપીઓના શરીર સ્થીતીના પંચનામાના પંચ સાહેદ છે. સદર પંચ સાહેદે પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે સિવાય બીજુ તેઓ કાઇ જાણતા નહી હોવાનું જણાવે છે. સદર પંચ સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેઓએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે પંચ સાહેદે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે માત્ર તેમની એક તૈયાર લખાણવાળા કાગળમાં સહી કરાવેલ તે સીવાય તે બીજુ કાઇ જાણતા નથી.

**(૧૫.૦)** આ કામે ફરીયાદપક્ષે આંક–૧૩ થી ત.ક.અ. રણવીરભાઇ સાજણભાઇ ચુડાસમાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૧૨/૧૦/૨૦૨૪ ના રોજ તે ઉના પોલીસ સ્ટેશનમાં પો.હે.કો. તરીકે તેમની ફરજ ઉપર હતા ત્યારે ઉના પો.સ્ટે. ના પી.એસ.ઓ. આર.બી.જાડેજાએ ફરીયાદી રમેશભાઇ ભાણાભાઇ વાઘેલાની જણાવ્યા મુજબની ફરીયાદ હકીકત નોંધેલ. જે આધારે ઉના પો.સ્ટે. ગુ.ર.નં. સેકન્ડ ૩૨૩૪/૨૦૧૪, ઇ.પી.કો. કલમ–૫૦૪, ૫૦૬(૨) થી ગુનો નોંધી આગળની તપાસ તેઓને સોપતા તેઓએ તપાસ સંભાળી લીધેલી. ત્યારબાદ આરોપીઓને પંચનામાની વિગતે અટક કરેલા. જે અંગેનું પંચનામુ આંક–૧૧ થી રજુ છે. જેમાં બે પંચો તથા રુબરુપણામાં પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ તેઓએ તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરુધ્ધમાં ચાર્જશીટ તેઓએ કરેલ. જેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેમને ફરીયાદની ખરીનકલ બતાવતા તેમાં ફરીયાદીની સહી તથા રુબરુપણામાં પી.એસ.ઓ. ની સહી ઓળખી બતાવે છે. જે આંક–૧૪ થી રજુ છે. એફ.આઇ.આર. માં પી.એસ.ઓ. ની સહી ઓળખી બતાવે છે. જે આંક–૧૫ થી રજુ છે.

જયારે ત.ક.અમલદારે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને તપાસના કામે જે ફરીયાદ મળેલ તે કહેવાતા બનાવ પંદર દીવસ બાદ દાખલ કરવામાં આવેલ છે. ફરીયાદીએ તેની ફરીયાદમાં મોડી ફરીયાદ

દાખલ કરેલ છે તેનો કોઇ ખુલાસો કરેલ નથી. ફરીયાદમાં ગાળોના ચોકકસ શબ્દો જણાવેલા નથી. તેમણે તેમની તપાસના કામે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ નથી. જયારે અન્ય પ્રશ્નોના નકારમાં જવાબ આપેલ છે.

(૧૬.૦) આમ, આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, સદર કામે ફરીયાદી રમેશભાઇ ભાણાભાઇ વાઘેલાને આંક-૧૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. ફરીયાદીના પુરાવાનું સંપુર્ણપણે મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદીએ પોતાના અદાલત રૂબરૂના પુરાવામાં પોતાની જ ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી ફરીયાદના સારતત્વો સાબીત થતા ન હોય ફરીયાદીના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

વધુમાં, આ કામે સાહેદ પાંચુબેન પુનાભાઇ રાઠોડને ફરીયાદપક્ષે આંક-૧૭ થી તપાસેલા છે કે જેઓ ફરીયાદીના ભાણેજ થાય છે. તેઓનો પુરાવો જોવામાં આવે તો સરતપાસમાં તેઓ બનાવની વિગત જણાવી જાય છે. પરંતુ જયારે આ કામના મહત્વના સાક્ષી એવા ફરીયાદીએ જ પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો અદાલત રૂબરૂ આપેલ નથી ત્યારે આ સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય નહી. તેમજ આ સાહેદ પોતાની ઉલટતપાસમાં સ્વીકારે છે કે તેઓ પોતાની રોજીંદી પ્રવૃતિ કરે છે અને દરરોજ મજુરીએ પણ જાય છે. તેમજ તેઓ પોતાની ઉલટતપાસમાં સ્વીકારે છે કે તેઓએ જે હકીકત અદાલત સમક્ષ જણાવેલી તેવી કોઇ હકીકત તેના પોલીસ રુબરુના નિવેદનમાં જણાવેલ નથી. આમ, આ સાહેદના પુરાવામાં મહત્વની બાબતોએ વિરોધાભાસ જણાઇ આવતો હોય આ સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

વધુમાં, આ કામે ફરીયાદપક્ષે આંક-૧૬ થી સાહેદ વિજયભાઇ બાબુભાઇ બાંભણીયાને તથા આંક-૧૨ થી સાહેદ

જીણાભાઈ ભાણાભાઈ વાઘેલાને તપાસેલા છે. આ બંને સાહેદોના પુરાવાનું એકી સાથે મુલ્યાંકન કરવામાં આવે તો બંને સાહેદોને બનાવ બાબતે અંગત કોઈ જાત માહિતી હોવાનુ જણાઈ આવતુ નથી ત્યારે આવા હીયરસે સાહેદોના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

વધુમાં, ફરીયાદપક્ષે આંક-૧૦ થી પંચ સાહેદ મનુભાઈ બાબુભાઈ રાઠોડને તપાસવામાં આવેલા છે. સદર પંચ સાહેદ આંક-૧૧ થી રજુ થયેલ આરોપીઓના શરીર સ્થીતીના પંચનામાના પંચ સાહેદ છે. આ પંચ સાહેદે પણ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. ત્યારે ફરીયાદપક્ષ આ પંચ સાહેદની જુબાની પરથી પંચનામાની હકીકતો પુરવાર કરી શકેલ નથી.

વધુમાં, ફરીયાદપક્ષે આંક-૧૩ થી ત.ક.અમલદાર રણવીરભાઈ સાજણભાઈ ચુડાસમાને તપાસવામાં આવેલા છે. તેઓની સંપુર્ણ જુબાની ધ્યાને લેતા તેઓને તપાસ મળતા જે કાર્યવાહી કરેલી છે તેની વિગતો તેઓ જણાવી જાય છે. આ કામે આરોપીઓનું શરીર સ્થીતીનું પંચનામુ તેઓએ પંચોની હાજરીમાં કરેલ હોવાની હકીકતો તેઓ જણાવી જાય છે. પરંતુ અગાઉ ચર્ચા કરી તે મુજબ આ પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. તેમજ તેઓએ બનાવવાળી જગ્યાનુ પંચનામુ પણ કરેલ નથી. તેઓની જુબાની પરથી આ કામના આરોપીને હાલના ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ પુરાવો રજુ થતો ન હોય ત્યારે તપાસ કરનાર અધિકારીની જુબાની પરથી આરોપી હાલના ગુનામાં કોઈપણ રીતે સંડોવાયેલ હોય તેવી હકીકત પુરવાર થતી હોવાનું માની શકાય તેમ નથી.

વધુમાં, આરોપી સામે ઈ.પી.કોડની કલમ-૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે. જે અન્વયે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા બનાવ વખતે આરોપી શું ગાળો બોલેલા તેવી

કોઈ સ્પષ્ટ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આ કામે કલમ–૫૦૬(૨) ના આવશ્યક તત્વો ધ્યાને લેતા ભોગ બનનાર સાહેદને આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય અને તેવી ધમકીને વશ થઈ ભોગ બનનાર સાહેદને કોઈ દહેશત ઉત્પન્ન થયેલ હોય અને તેના કારણે ભોગ બનનાર સાહેદ તેવી ધમકીનો અમલ અટકાવવા પોતે બંધાયેલ ન હોય તે કામ કરે અથવા જે કરવા પોતાને હકક હોય તે કામ ન કરે તેવી દહેશતના કારણે પોતાના વર્તન અને રોજીંદી પ્રવૃતિમાં કોઈ ફેરફાર થયેલ હોય તેવુ ફરીયાદીની કે સાહેદોની જુબાની પરથી જણાતુ નથી ત્યારે ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) નો ગુનો પણ આરોપી સામે પુરવાર થતો નથી.

**(૧૭.૦)** આમ, ફરીયાદી તથા સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષનાં કેસને કોઈ સમર્થન મળતુ નથી અને ફરીયાદી તથા સાહેદોની જુબાની જોતા આરોપી વિરૂધ્ધ જે કલમો મુજબનો ગુનો નોંધાયેલ છે, તેના હાર્દ અન્વયે તેઓએ જુબાની આપેલ નથી તથા સદરહુ પુરાવો ધ્યાનથી વંચાણે લેતા કલમોના આવશ્યક તત્વો ફળીભુત થતા નથી અને તે રીતે મુદા નં.૧ ની હકીકત ફરીયાદપક્ષ સાબિત કરવામાં સરીયામ નિષ્ફળ ગયેલ છે. આમ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમતનામુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, પુરાવાના અભાવે મુદા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદા નં.ર માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: હુ ક મ :–

**(૧)** આ કામના આરોપી સંજયભાઈ મસરીભાઈ બાંભણીયા, રહે.ખાણ, તા.ઉના, જી.ગીર સોમનાથ નાઓને તેમની સામેના ઉના પોલીસ સ્ટેશન ગુ.ર.નં.

સેકન્ડ ૩૨૩૪/૨૦૧૪ ઇ.પી.કો. કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના સજાને પાત્ર ગુના માંથી ક્રિ.પ્રો.કોડ કલમ ૨૪૮(૧) અન્વયે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેધરી માટે અગાઉ આપેલ જામીન, હુકમ તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૧૮ મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ઉના
તારીખ : ૧૮/૦૭/૨૦૨૬

(જયેશભાઇ કાભઇભાઇ ખાંટ)
એડીશ્નલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, ઉના
કોડ નંબર – જી.જે.૦૧૦૮૬